નં.ડીએમ/લો.સ.ચટણ/૦૫/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા.૨૫/૦૩/૨૦૨૪

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ નું મતદાન જામનગર જિલ્લામાં તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ ધ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૧૬/૦૩/૨૦૨૪ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી સમગ્ર રાજ્યમાં આદર્શ આચારસંહિતા લાગુ પાડેલી છે. ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઇપણ રાજકીય પક્ષ કે કોઇપણ વ્યક્તિ/સંસ્થા દ્વારા ચૂંટણી સબંધી સરઘસ/ રેલી કે તેવો કોઇપણ કાર્યક્રમ યોજવામાં આવશે. આ ચૂંટણીનું મતદાન મુક્ત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલો છે. ભારતના ચૂંટણી પંચના તા.૧૫/૧/૯૬ના હુકમ ક્રમાંક:437/6/96/PLN-III થી ચૂંટણી સબંધિ સમુહ કે કાફલામાં કે રેલી/સરઘસમાં કોઇપણ સંજોગોમાં ત્રણ કરતાં વધુ વાહનો રાખવા કે હંકારવાની મંજુરી મળવા પાત્ર નથી. આ હુકમનું પાલન ન થાય તો લોકોમાં ભયમુક્ત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઇ નહી. આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને આદર્શ આચારસંહિતાનું પાલન થાય તે માટે પગલા લેવાનું ઉચિત જણાયેલ છે.

તેથી, હું, **ભાવેશ એન. ખેર** જી.એ.એસ., **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવુ છું કે : **સમગ્ર જામનગર જિલ્લામાં ચૂંટણી સંબંધી કોઇ સરઘસ કે રેલી કે કાફલા કે સમુહમાં કે કોઇ કાર્યક્રમમાં ત્રણ કરતાં વધુ વાહનો રાખી શકાશે નહી કે હંકારી શકાશે નહી.**

-: અપવાદો :-

૧. તમામ પ્રકારના સરકારી/અર્ધ સરકારી વાહનો.

૨. રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ કે જેમને શસ્ત્ર સુરક્ષા પુરી પાડવામાં આવતી હોય અથવા તેમને ત્રાસવાદિઓની ધમકીના કારણે જોખમ હોય, તેમને પુરી પાડવામાં આવેલ સુરક્ષા વ્યવસ્થા માટેના વાહનો ઉપરોકત ત્રણ વાહનોની ગણતરીમાંથી બાકાત રહેશે.

આ હુકમ લોકસભા સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી (તા.૦૬/૦૬/૨૦૨૪ સુધી) અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સટેબલની નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (જપમાં અધિનિયમ)ની કલમ-૧૮૮ અન્વયે ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી તથા ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા.૨૫ માહે : માર્ચ, ૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીની મોહર લગાડી આ જાહેનામું બહાર પાડ્યુ.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:-

૧) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર

૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર

૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

...... સદરહું હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત લાઉડ સ્પીકરવાળા વાહનો દ્વારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિદ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા તથા તમામ પોલીસ સ્ટેશનોની માહિતી એકત્ર કરી અહેવાલ મોકલવા સારુ.

૪) નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર

૫) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય),લાલપુર,ધ્રોલ

૬) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૬-કાલાવડ (અ.જા) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૭) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૭-જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)

૮) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૮-જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)

૯) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૧૦) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર

૧૧) વિભાગીય પોલીસ અધિકારીશ્રી,જામનગર(શહેર/ગ્રામ્ય)

૧૨) મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જોમજોધપુર/ધ્રોલ/જોડીયા

૧૩) થાણા ઈન્ચાર્જશ્રી ......................... પો. સ્ટેશન, જિ.જામનગર (તમામ)

૧૪) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

... સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૫) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

... રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ અપાવી તેની પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૬) માન્ય રાજકીય પક્ષો (મારફતે : નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર)

નકલ સવિનય રવાના:-

૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

૨) નાયબ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર

૩) રજીસ્ટ્રારશ્રી, નામ. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટ, જામનગર

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લા)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District